



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

અમે થોડી અમારી જીવવાની રીત બદલી છે.
છે રસ્તા એ જ, કેવળ ચાલવાની રીત બદલી છે.

હવે જાણીબૂઝીને હારીએ છીએ સ્વજન સામે,
અમે આ રીતથી બસ જીતવાની રીત બદલી છે.

નથી ફરિયાદ સંબંધોથી સહેજે, જ્યારથી સૌને
સમજવાની અને સમજાવવાની રીત બદલી છે.

ડો. માર્ગી દોશી

### પાથેય

આપણું કર્મ એ બાષ્પીભવન જેવું હોય છે.એ સંચિત થઇ વરસતું હોય છે.. એ જ આપણી આસપાસનો માહોલ ઘડે છે.તમને જે પ્રતિભાવો જગત તરફથી મળે છે એ એની જ નીપજ હોય છે.સતત મથતા રહેવું એવો અભિગમ હોવો જોઇએ.

જગતમાં સારું ઘણું છે.આપણી જોવાની દ્રષ્ટિ કદાચ આમાં મહત્વની બાબત છે..અને કોઇપણ માણસની દ્રષ્ટિ પાછળ એની મનોસૃષ્ટિ રહેલી હોય છે..જીવન પ્રત્યેનો ખેલદિલ અને ખુલ્લો અભિગમ જ જીવન જીવવાની સાચી સમજ છે...પરંતુ આપણો અભિગમ સામાન્ય રીતે આપણી ફૂટપટ્ટીથી જ નકકી થતો હોય છે..

હમણાં એક મેળાવડામાં, એક જ પંગતમાં સમાજની એક અત્યંત શ્રીમંત વ્યક્તિ સાથે જમતો હતો... એમને નીચે બેસી જમવાનો મહાવરો ન હતો..છતાં એ સહજ બેઠા હતા.જમતાં જમતાં એમની થાળીમાં નાની પથરી જેવું કંઇક આવ્યું. એમણે બિલકુલ સરળ રીતે એનો નિકાલ કરી જમવાનું ચાલુ રાખ્યું...યજમાન થોડાક ઝંખવાયા. પણ એ સજ્જને બહુ સહજ ભાવે કહ્યું..'આ તો થાય .એમાં શું..? પણ રસોઈ અફલાતુન છે.' વાત સામાન્ય છે...પણ અભિગમ મહત્વનો છે..

જગતમાં દરેક વખતે તમને અનુકૂળ પ્લેટફોર્મ જ મળે એવું હોતું નથી.સ્ટેજ ગમે તેવું હોય જેમ અભિનય મહત્વનો છે એમ સંજોગો ગમે તેવા હોય આપણું એના માટેનું વલણ એ આપણી પોતાની ક્ષમતા આધારિત હોય છે..'સુંદરમ્' કહે છે એમ દુનિયામાં ઘણું બધું સુંદર નથી હોતું... આપણે એને ચાહીચાહીને સુંદર કરવાનું હોય છે'. આપણે જયારે ચાહનો અભિગમ રાખીએ છીએ ત્યારે સામે વાહ પુરસ્કારરુપે મળે છે..

આપણે ત્યાં નીરસવૃતિ વાળા માટે સોગીયો ચહેરો કે કટાણું મોઢું લઇ ફરનાર માણસ એમ કહેવાય છે..એમને હંમેશાં એવા જ માણસો મળતા હોય છે... અને એટલે જ કહેવાયું છે કે 'રોતો જાય એ મૂઆના ખબર લાવે..' સ્ફૂર્તિથી થનગનતો ખેલાડી જયારે મેદાનમાં ઉતરે છે ત્યારે એની ચાલ અને હાવભાવથી જ આપણે કહી શકીએ છીએ કે આજે મજા આવશે..વકતા જયાં સ્માઈલ સાથે આત્મીય ઉદ્દબોધન કરે ત્યાં જ શ્રોતા તલ્લીનતામાં લીન થઇ જાય છે..ઘણાને મળતાં જ આપણે નીરસતા અનુભવીએ છીએ..

કેટલાક લોકોને મળ્યા પછી આપણે કહીએ છીએ કે 'તમને મળ્યા પછી મને ખુબ સારુ લાગ્યું.'આમાં ભૌતિક રીતે તો આપણે કશું મેળવતા નથી હોતા,પણ એનામાં રહેલી હકારાત્મક ઉર્જા આપણને ઉલ્લાસમય બનાવે છે..જીવનમાં અધુરપો અનેક છે..આપણી આસપાસ અડચણો અનેક છે પણ આપણા મનોભાવોની છાલ્લક એને સહ્ય બનાવતી હોય છે...જીવન એ આમ જોઇએ તો ફકત એક અભિગમ છે...બાકી તો આપણી સહુની સફર એક સમાન છે..બધું એકવિધ છે બસ વિચારોનું જ વૈવિધ્ય છે જે આપણને અલગ પાડે છે... વ્યકિતની આગવી ઓળખ ઉભી કરે છે.

# સરપંચ ધારે તો શું શું કરી શકે ? યાત્રાધામ શંખેશ્વરના દશરથભાઈ ગઢવીની આ વાતો જાણીને ગૌરવ અનુભવાય





જો ભારત દેશ ગામડાઓનો બનેલો હોય તો ગામડું સમૃદ્ધ હોય તે અનિવાર્ય છે. ગામ એ ભારતની ધરોહર છે. ગામ એ ભારતનો પાયો છે. અમે તો એમ કહીએ છીએ કે ગામ ભારતનો જ નહીં માનવતાનો પણ આત્મા છે. મહાત્મા ગાંધીએ એટલે તો ગ્રામ સ્વરાજની વાત એકવાર નહીં અનેકવાર આપણને ઘૂટીઘૂટીને કહી હતી. જો દરેક ગામમાં એક લોકનિષ્ઠ અને પ્રતિબંધ સરપંચ હોય તો ગામની કાયાપલટ જ નહીં કાયાકલ્પ પણ થઈ શકે. એનું ઉદાહરણ શંખેશ્વર યાત્રાધામમાં સરપંચ શ્રી દશરથદાન ગઢવીએ પૂરું પાડ્યું છે. દશરથદાન શંખેશ્વરમાં સરપંચ તરીકે એટલું અદભુત કામ કરી રહ્યા છે કે લોકો રાજી થઈ રહ્યા છે. ગામના જૂના કે નવા પ્રશ્નોને તેઓ અત્યંત ઝડપથી ઉકેલે છે. તેઓ પરંપરાગત રાજકારણી જેવા નથી. લોકોનું કામ થાય તેમાં તેમને રસ છે. તેઓ ખૂબ ઝડપથી નિર્ણય લઈને તેનો અમલ કરાવે છે. પોતાનો અંગત સ્વાર્થ ન હોવાથી તેઓ ઝડપથી સાચા નિર્ણયો કરી શકે છે.

નોંધવા જેવી બાબતે છે કે ખરેખર તેમને સરપંચ થવું જ નહોતું અને જો આપણે જ્ઞાતિની વાત કરીએ તો એ સમીકરણની રીતે જોવા જઈએ તો શંખેશ્વરમાં ગઢવી સમુદાયના તો નામ પૂરતાં જ કુટુંબો. એટલે સપનામાં પણ કોઈ ગઢવી સરપંચ થવાનો વિચાર ન કરી શકે. એવામાં કોરોના આવ્યો. ચોતરફ ભયનો માહોલ. કોઈ કોઈની પાસે જઈ બેસી ન શકે એવો પ્રારંભનો તબક્કો. દશરથદાન ગઢવી એ વખતે સરપંચ નહીં પણ, સેવાની અને દાતારીની ભાવના રગેરગમાં. એ વખતે સૌથી મોટી સમસ્યા એ હતી કે ઓક્સિજનના અભાવને લીધે દર્દીઓ રીબાતા હતા. સરકાર કશું કરે એ પહેલાં તો દશરથદાન ગઢવીએ સ્વખર્ચે ઓક્સિજનનું મશીન લાવીને કેમ્પ ખોલી દીધો. તેમણે ઉકાળા, માસ્ક , ભોજન વગેરે વડેપણ સેવાની જ્યોત જગાવી. એ પછી તેમને વિચાર આવ્યો કે જેઓ ઘરની બહાર નથી નીકળતા તો તેમની ભોજનની વ્યવસ્થા કેવી રીતે થતી હશે? તરત જ એમણે જરૂરિયાતમંદ લોકોને માટે હજજારો રાશન કીટ વહેંચી.



આ રીતે સેવાની ધૂણી ધખાવીને બેઠા એમાં પોતે પણ કોરોનામાં સપડાયા. આમ છતાં, હિંમત ન હાર્યા. એમની સેવા અને કર્મનિષ્ઠાની શંખેશ્વરના નાગરિકોએ નોંધ લીધી. દશરથાભાઈએ શંખેશ્વરમાં કોરોનાના કપરા કાળમાં નિસ્વાર્થભાવે અને જાનના જોખમે એવાં સુંદર કાર્યો કર્યા કે લોકોએ સામેથી તેમને સરપંચ બનાવ્યા. બાકાયદા ચૂંટણી તો કશ્મકશની થઈ હતી. જોકે શંખેશ્વરના મોટાભાગના લોકોના મનમાં એવું હતું કે દશરથદાન ગઢવી જો સરપંચ બનશે તો ગામનો વિકાસ થશે.







સરપંચ બન્યા પછી તેઓ ક્યારે પલાંઠી વાળીને બેઠા નથી. સતત કામ કરતા જ રહ્યા છે. પાયાના પ્રશ્નો ઉકેલ્યા છે એટલું જ નહીં, નવા નવા પ્રોજેક્ટો પણ અમલમાં મૂક્યા છે. ગામમાં રખડતાં પશુઓનો મોટો પ્રશ્ન હતો. તેમણે શંખેશ્વર ગામમાં નમૂનોદાર ગૌશાળા બનાવી દીધી. ગાયોને એટલી સરસ રીતે સાચવવામાં આવે છે કે તેની જાણકારી લઈને આપણે રાજી થઈએ. ગાયોને દરરોજ પૌષ્ટિક લાડવા ખવડાવવામાં આવે છે. આવું તો કદાચ તમે બીજે ક્યાંય સાંભળ્યું પણ નહીં હોય. શંખેશ્વર ગામમાં જિજ્ઞાબહેન શેઠ જય મંગલ ચેરિટેબલ ટ્રસ્ટ ચલાવે છે. તેઓ માત્ર શંખેશ્વર નહીં, પરંતુ આજુબાજુનાં ગામોમાં પણ અનેક સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરે છે. તેમની સાથે મળીને દશરથદાન ગઢવીએ શંખેશ્વરમાં એક કરોડ રૂપિયાનો પર્યાવરણનો પ્રોજેક્ટ અમલમાં મૂકી દીધો છે. આજે તમે શંખેશ્વર નગરમાં જાઓ તો તમને એકપણ રખડતું પશુ જોવા નહીં મળે અને પર્યાવરણનાં જતનના ભાગરૂપે રસ્તા પર હરિયાળી જ હરિયાળી જોવા મળશે. લગભગ ૩૫૦૦ વૃક્ષ એમણે ઉગાડયાં. એના માટે ત્રણ વર્ષનો કોન્ટ્રાકટ આપ્યો. વૃક્ષ જો વરસાદને વાવાઝોડાથી પડી જાય તો ફરી વાવવાનું. નિયમિત પાણી પાવાનું. બાળકની જેમ જ તેની સારસંભાળ રાખવાની. ત્રણ વર્ષને અંતે વૃક્ષ મોટું થાય પછી જ એ કોન્ટ્રાક્ટ પૂરો થાય. કેવી વિશાળ દષ્ટિ! જે કામ કરે એમાં આવુ લાંબાગાળાનું આયોજન હોય. ફકત વેઠ ઉતારવા કામ નહીં કરવાનું. આવનારો સમય એ કાર્યના ફળ ઝીલે.

દશરથદાનની વિશેષતા એ છે કે તેઓ દરેક વિચારને અમલમાં તરત મૂકે છે અને યોગ્ય રીતે મૂકે છે. આપણા દેશમાં વિચાર બહુ થાય અને આચાર ઓછો હોય. પોતાનું હિત હોય એટલે પછી નિર્ણય કરવામાં પણ અનેક પરિબળનું ધ્યાન રાખવું પડે. આ સરપંચ એમાંથી બચી જાય છે એટલે ફટાફટ નિર્ણય કરીને આગળ વધે છે.

એક વખત એમના નિવાસસ્થાનની પાણીની મોટર બગડી. એમની જાણ બહાર ગ્રામ પંચાયત તરફથી પાણીનું ટેક્કર તેમના ઘરે ગયું. સરપંચને જ્યારે આ ખબર પડી ત્યારે તેઓ નારાજ થયા, એટલું જ નહીં તાત્કાલિક પાણીનું ટેક્કર પાછું મોકલ્યું. પોતે ગામના સરપંચ છે એટલે કોઈ વિશેષ લાભ લેવાનો એવું તેઓ માનતા નથી. અમે શંખેશ્વરમાં તેમની ઑફિસમાં બેસીને ઘણી વાતો કરી. તેમની લોકનિષ્ઠા ઊડીને આંખે વળગતી હતી અને હૃદયને પણ સ્પર્શતી હતી. ગામના લોકો એક સૂરમાં કહે છે કે અમને ગૌરવ છે કે ઘણા લાંબા સમય પછી આવા લોકોભિમુખ સરપંચ મળ્યા છે અને યાત્રાધામ શંખેશ્વરનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

દશરથદાન ગઢવીને સૌ ડી. કે. ગઢવી તરીકે ઓળખે છે. દશરથદાન કરશનદાન ગઢવી. ડી. કે. ગઢવીનો સેવા પછીનો મુખ્ય ગુણ દાતારી છે. દાન આપવામાં તેઓ મોખરે હોય છે. એક વાર વિચાર આવ્યો કે શંખેશ્વર નગરમાં રહેતાં બધાં જ ભણતાં બાળકોને ડઝન-ડઝન ચોપડા ભેટ આપવા છે તો તાત્કાલિક એમણે ૧૬૦૦ ડઝન ચોપડાનું વિતરણ કર્યું. શ્રીમદ્ ભગવદગીતામાં ૧૬મા અધ્યાયમાં કૃષ્ણ દૈવી સંપદાનાં જે લક્ષણો જણાવે છે એમાં એક દૈવી લક્ષણ એટલે દાતારી. વઢિયારના સાહિત્યકારો માટે પ્રોત્સાહન પૂરું પાડવા તેઓ ઊગતા લેખકોને આર્થિક સહાય પણ કરે છે. ડી. કે. ગઢવીની સેવાનું ક્ષેત્ર મર્યાદિત નથી. કુપોષિત બાળકો અને સગર્ભા બહેનોને અનાજની કીટથી લઈને નાનામાં નાના માણસને મદદની જરૂર હોય તો એ પ્રેમથી મદદ કરે છે.

એક રાત્રે ફરતાં ફરતાં એમને ધ્યાનમાં આવ્યું કે નગરમાં રાતે અંધારું રહે છે ને વર્ષો પહેલા બંધ પડેલી સ્ટ્રીટલાઈટ બંધ છે. તાત્કાલિક ધોરણે એમણે કામ ઉપાડ્યું ને સ્ટ્રીટલાઈટો ચાલુ કરાવી અંધારું દૂર કરી, અજવાળું ફેલાવ્યું. જોકે, આજે તો ડી.કે. ગઢવીની સેવાનું અજવાળું દૂર દૂર સુધી ફેલાયું છે ને એ માટે સરકાર વતી શ્રેષ્ઠ સરપંચનો એવોર્ડ પણ મળી ચૂક્યો છે. સૌથી મોટો એવોર્ડ છે પ્રજાના હદયમાં રાજ કરવાનો. કોઈપણ જરૂરિયાતમંદ માટે અડધી રાતે પણ ડી. કે. ગઢવીના મોબાઈલ ફોનના દરવાજા ઉઘાડા રહે છે.

ડી. કે. ગઢવીનાં ચિત્તમાં સતત સર્જનાત્મક અને પ્રેરક વિચારો પ્રગટ થયા જ કરે છે. એક જ પ્રસંગ. ૨૫મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ એમણે જૈનતીર્થ શંખેશ્વરનાં સરપંચ

અનુસંધાન પાના નં. ૭ પર

# દરેક વ્યક્તિને પોતાને મળેલું અમૂલ્ય જીવન પોતાની મરજી મુજબ જીવવાનો પૂરેપૂરો હક્ક છે





**રીપોર્ટમાં લખાઈને આવ્યું,**
**'લાગણીનું ખંડેર'**
**હવે ડોક્ટર પણ લાચાર!**

**- પારસ એસ. હેમાણી**

માણસ એ સજીવસૃષ્ટિની એવી પ્રજાતિ છે કે જેને સંવેદના તો મળી પણ સાથોસાથ બુદ્દિ તેમજ વાક્ચાતુર્ય પણ મળ્યું! પશુ-પક્ષીએ કે ઝાડ-પાન પણ સંવેદના તો અનુભવતા જ હશે પણ આપણા જેટલી સ્માર્ટનેશ તેનામાં નથી. જો કે, આ આપણી માન્યતા છે બાકી ચતુરાઈ તો વન્ય સજીવસૃષ્ટિમાં પણ હોતી જ હશે ! માત્ર તેઓ આપણી જેમ સ્વાર્થી નથી અને કુદરતના કોઈ નિયમનો ભંગ નથી કરતા. માટે તેમનામાં આ 'લાગણીનું ખંડેર' જોવા મળતું નથી! કરમાઈ ગયેલા ફૂલ કે સૂકાઈ ગયેલા વૃક્ષ કે પછી મરવા સૂતેલા કોઈ પશુ-પંખીમાં સંવેદનાની ભીનાશ તો અકબંધ જળવાયેલી હોય છે! માનવીની સૌથી મોટી સિદ્ધિ એ તેને મળેલી ચતુરાઈ અને બુદ્ધિમત્તા છે એમ તે માને છે પણ સમય જતા આ જ બંને બાબતોને કારણે તે સ્વાર્થી, લોભી અને અહંકારી બની જાય છે. પરિણામે, ધીરે-ધીરે તેની આસપાસના તમામ સંબંધોથી એ જાણે-અજાણ્યે દૂર થતો જાય છે અને છેક અંત સમયે તેનામાં રહી જાય છે લાગણીઓનું એક અવાવરું ખંડેર કે જયાં કોઈ અવરજવર કરતું નથી. જન્મે ત્યારથી એ અનેક સંબંધોમાં બંધનમાં પોતાને સાંકળી લે છે પરંતુ, વ્યક્તિના જીવનનો સૌથી વધુ અગત્યનો સંબંધ છે પતિ-પત્નીનો સંબંધ. તેના જીવનનો મહત્તમ હિસ્સો મોટા ભાગની વ્યક્તિઓ આ જ સંબંધના તાંતણે બંધાઈને પસાર કરે છે. ભારત દેશમાં લગ્નપ્રથા અને એક પત્નીત્વ જેવી પરંપરાઓ આપણા સંસ્કારમાં વણાયેલી છે. પણ કોણ જાણે કેમ કોઈ કારણોસર આ લગ્નસંસ્થાના પાયા આજે હચમચી રહ્યા હોય તેવું દેખાય છે. પુરુષ અને સ્ત્રી બંનેને પોત-પોતાના પ્રશ્નો લગ્નના થોડા જ સમયમાં એટલા બળવત્તર બની જતા જણાય છે કે લગ્નરુપી ઋણાનુબંધનું અકાળે અવસાન થાય છે! કવયિત્રી સૂચિતા કપૂર લખે છે તેમ,

**'રાત્રે,**
**ડાયરી ખોલી,**
**દિવસભરનો, પાઈ-પાઈનો હિસાબ લખ્યો**
**ડાયરી પૂરી થવા આવેલી,**
**દિવસો, મહિનાઓ અને થોડા વર્ષોનો હિસાબ,**
**એણે શું મેળવ્યું શું ગુમાવ્યું કે શું આપ્યું હતું?**
**ડાયરી તો માત્ર ગૃહસ્થીની આવક-જાવકની નોંધપાત્ર હતી.**
**આવી નોંધ ગૃહસ્થ જીવનની પળેપળની રાખી શકાઈ હોત તો?'**

આપણે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે 'બાળકોના લીધે અમે અલગ ન થયા.' ત્યારે આપણને પ્રશ્ન થાય કે જીવનનો સૌથી સુંદર અને મજબૂત સંબંધ કયારે આપણા માટે મજબૂરી બની ગયો? કયા કારણોસર તેમાં એક ઊંડી ખાઈ ખોદાઈ ગઈ? કયા કારણોસર તેમાં એક ઊંડી ખાઈ ખોદાતી ગઈ? બાળકોનું આગમન એ પરિવારનો જ વિસ્તાર નથી પણ પ્રેમનો અને પતિ-પત્નીના સાહચર્યનો પણ સરવાળો છે. તો પછી આ સરવાળા અને ગુણાકારના દાખલામાં બાદબાકી અને ભાગાકારની કટુતા કયાંથી અને કયારે પ્રવેશી હશે? આજના સમયમાં દરેકનેઝડપથી છૂટાછેડા લઈ લેવા છે અને લગ્નના બંધનમાંથી તરત જ મુક્ત થઈ જવું છે. પણ સંબંધોની શુષ્કતા માત્ર શરુઆતના જ તબક્કે જન્મે છે તેમ નથી. હવેના સમયમાં લગ્નને ૨૦-૩૦ વર્ષો વીતાવ્યા બાદ પણ એકબીજા

માટે લાગણીની અને હૂંફની કમી વર્તાય તેમ બને ત્યારે એ અત્યંત આઘાતજનક પરિસ્થિતિ બની જતી હોય છે! આ પરિસ્થિતિ માત્ર સ્ત્રીઓની જ હોય તે જરુરી નથી. પુરુષોની પણ આવી અવદશા જોવા મળે છે. પુરુષની સ્થિતિ તો વધુ દયનીય હોય છે. ફરી એકવાર સુચિતા કપૂરના જ શબ્દો યાદ આવી જાય છે.

'હું,
મહાભારતના યુદ્ધનો મહાવીર યોદ્ધો,
રોજ હું લડું છું એક યુદ્ધ.
યુદ્ધના તમામ ગુણો છે મારામાં
ક્રોધ, અહંકાર, ઈચ્છા, અપેક્ષા, સ્વામિત્વ,
અને મારા પક્ષની સચ્ચાઈની દઢતા'

પતિ-પત્નીનું સાહચર્ય સુમધુર અને સુમેળભર્યુ હોય તે અત્યંત આવશ્યક બાબત છે. પણ જો આ સંબંધ લોકલાજે કે બાળકોની જવાબદારીને કારણે કે આવા અન્ય કોઈ દબાણ હેઠળ પરાણે વેંઢારવો પડે તેવો બોજરૂપ બની જાય તો તેમાંથી બહાર નીકળી જવું જ આવશ્યક છે. દરેક વ્યક્તિને પોતાને મળેલું આ અમૂલ્ય જીવન પોતાની મરજી મુજબ જીવવાનો પૂરેપૂરો હક્ક છે. હા, સ્વાર્થી બનીને માત્ર પોતાની ઈચ્છા અનુસાર સ્વચ્છંદી બની જવું એ યોગ્ય ન ગણાય. પણ જયારે જીવનનો સૌથી વધુ અગત્યનો સંબંધ આપણા આ શરીરને 'લાગણીનું ખંડેર' બનાવી દે ત્યારે તેમાંથી બહાર આવી માત્ર શ્વાસ લેવાને બદલે જિંદગીને મનભરીને જીવવી પણ અનિવાર્ય બાબત બની જાય છે. પુરુષો વ્યસનમાં ડૂબી જઈને કે લગ્નેત્તર સંબંધોમાં જોડાઈને પોતાનો તણાવ ઓછો કરે છે અને સ્ત્રીઓ બાળકોમાં અને અન્ય પ્રવૃત્તિઓમાં પોતાની જાતને પરોવીને દાંપત્યજીવનની બેડીઓને નીભાવ્યા કરે છે. તે પરિવાર માટે તેમ જ પતિ-પત્નીના અંગત જીવન માટે પણ અત્યંત દયનીય પરિસ્થિતિ સમાન છે. બને ત્યાં સુધી સંબંધને તૂટવા ન દઈએ અને તેમાં પ્રેમ, હૂંફ અને લાગણીઓનું સિંચન કર્યા જ કરીએ તે જ ઉત્તમ બાબત છે પરંતુ, જો કોઈ કારણોસર એવું ન જ શક્ય બને તો એ સંબંધને યથાયોગ્ય પરિસ્થિતિમાં રહેવા દઈએ સમાજવ્યવસ્થાને બરબાદ કરવાના પ્રયાસો કરીએ એ કોઈ કાળે યોગ્ય બાબત ન જ ગણાય.

- nehalgadhavi101@gmail.com

# બેફામ ગતિથી વાહન ચલાવી નિર્દોષ માનવીનો ભોગ લેનાર સામે આઈપીસી ૩૦૨ મુજબ પણ ગુન્હો નોંધવામાં આવશે

**હિટ એન્ડ રનને સાઅપરાધ મનુષ્યવધની વ્યાખ્યામાં આવરી લઈ આઈપીસી કલમ ૨૭૯ થી ૩૨૩ના નિયમમાં પણ સુધારો કરવામાં આવેલ છે.**





વારંવાર હિટ એન્ડ રનના કેસો બને છે બેફામ ગતિએ ગાડી હંકારતા લંબરમુછીયા યુવાનો મોતનો શિકાર બને છે અથવા તો નિર્દોષ નાગરિકોનો જાન લે છે. અગાઉ પણ વિસ્મયનાં કેસમાં પણ પાંચ વર્ષેની કોર્ટે જેલની સજા તથા દંડ નામ. કોર્ટે આરોપીને ફટકારેલ, તે જ રીતે ફેનીલ તથા તેના મિત્રો એકસયુવી કારમાં પાલડી જેવા ભરચક ટ્રાફિકવાળા વિસ્તારમાં બેફામ ગતિથી કાર ચલાવતા કાર ઉપર કન્ટ્રોલના રહેતા ફૂટપાથ ઉપર કાર ચઢાવતા ફૂટપાથ ઉપર સાયકલ રીપેરીંગ કરનાર ગરીબ પરિવારનો યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો યુવકનું સ્થળ ઉપર જ મોત નિપજયું હતું અને અન્ય બે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી.

૧૯ વર્ષનો ફેનીલ લર્નીંગ લાયસન્સ ધરાવતો હતો પાકું લાયસન્સ તેની પાસે હતુ નહિ તેમ છતાં ૧૭/૭/૨૦૧૭ ના રોજ પોતાની લેન્સર કાર લઈ મિત્રો સાથે નિકળ્યો હતો અને ઝડપની મજા માણવા જતા સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા કાર ફૂટપાથ ઉપર ચઢી જતા સાયકલ રીપેરીંગ કરી પેટીયુ રળતા આશાસ્પદ યુવકનું મોત નિપજયું હતું. ઘટના સ્થળેથી પોલીસે આરોપી ફેનિલ તથા કારને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરેલ.

કેસ ચાલતા સરકાર પક્ષે સરકારી વકિલે નજરે જોનાર તથા કેસના સાક્ષી તપાસ અધિકારી વિગેરે મળી ૧૨ જણાને તપાસી પૂરતા પુરાવા આરોપી વિરૂધ્ધ રજુ કરી સાબીત કરવામાં સફળ થયેલ કે કાર ફેનિલ જ ચલાવતો હતો અને તેની પાસે લર્નીંગ લાયસન્સ જ હતું પણ કાર ચલાવવાનું પાકું લાયસન્સ ન હતું. આરોપીની ગુનાહીત બેદરકારીને કારણે ગરીબ યુવકનું મોત નિપજયું છે. આરોપી સામે પ્રથમ દર્શનીય રીતે ગુન્હો સાબીત થાય તેટલા પુરાવા નામદાર કોર્ટમાં રજુ કરતા તથા આરોપી તરફે વકિલ પોતાનો અસીલ નિર્દોષ છે તેમ સાબીત કરવામાં સાક્ષીની ઉલટમાં નિષ્ફળ જતા કોર્ટે રજુ કરેલ પુરાવાને સાક્ષીની જુબાનીને સાચી માની આરોપીની ગફલત ભર્યા ડ્રાયવીંગના કારણે જ યુવકનું મોત નિપજયું છે તેમ માની સાઅપરાધ મનુષ્ય વધનો પણ ગુન્હો બને છે તેમ માની બે વર્ષની કેદની સજા ફરમાવી છે.

જજશ્રીએ ચુકાદામાં નોંધયું છે કે, વારંવાર આવા પ્રકારના હિટ એન્ડ રનના ગુન્હા બનતા હોય છે. પૈસાદાર નબીરાઓ બેફામ રીતે પોતાની મોજ મસ્તીમાં ડ્રાયવીંગના નિયમનું કે ટ્રાફિકના નિયમનું ઉલ્લઘંન કરી બેફામ ગતિમાં ગાડી દોડાવી અકસ્માત સર્જતા હોય છે તેથી સમાજમાં દાખલો બેસે અને આવા યુવાનોને ગાડી ના આપવાની સમજ માતા પિતામાં કેળવાય તે માટે પણ સજા યોગ્ય છે. આવા કિસ્સામાં સજા કરવામાં આવે તો કાયદાનો ભય લોકોને લાગે એકની બેદરકારીનો ભોગ અન્ય નિર્દોષ નાગરિકો બને અને તેનો પરિવાર સજા ભોગવે છે કુટુંબમાં કમાવનાર એકના એક દિકરાને ગરિબ પરિવારે ગુમાવ્યો છે જેનું વળતર નાણામાં આંકિ શકાય તેમ નથી.

સરકારે પણ ૨૦૧૬ માં મોટર વ્હીકલ એકટની કલમોમાં સુધારો કરી હિટ એન્ડ રનના ગુન્હામાં આરોપીને બેઈલ ઉપર છોડી મુકવા સામે પણ પ્રતિબંધ ફરમાવ્યો હતો ૨૦૧૭ માં પણ મોટર વ્હીકલ અને રોડ એકસીડન્ડના ગુન્હામાં એમેડમેન્ટ પાસ કરેલ અને સેશન ટ્રાયલ ગુન્હો ગણાવેલ અને એમવી એકટ ૧૯૮૮ માં સુધારાનું બિલ રાજયસભામાં પણ પાસ કરેલ છે અને બેફામ ગતિથી વાહન ચલાવી નિર્દોષ માનવીનો ભોગ લેનાર સામે આઈપીસી ૩૦૨ મુજબ પણ ગુન્હો નોંધી કાર્યવાહી કરવાનું ઠરાવ્યું છે. હિટ એન્ડ રનને સાઅપરાધ મનુષ્યવધની વ્યાખ્યામાં ગણેલ છે તેમજ આઈપીસી કલમ ૨૭૯ થી ૩૨૩ ના નિયમમાં પણ સુધારો કરેલ છે.

ગુજરાત સરકારે ટ્રાફિકનાં ૧૯ નિયમો બનાવેલા છે, જે ૧૯ નિયમોનું પાલન કરવામાં આવે તો કયારેય અકસ્માત સર્જાય નહી. કાયદાનું પાલન કરવું એ દરેક વ્યક્તિની નૈતિક ફરજ છે. સરકાર અકસ્માતમાં મૃત્યુ પામનારનાં વારસોને રૂા. ૧૦ લાખ સુધીનું વળતરની જોગવાઈ કરેલ છે.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળનાં ગુનાઓ અન્વયે ડ્રાઈવર તથા ગાડીનો માલિક બંને જવાબદાર ઠરે છે. સગીર વયનાં બાળકો બેફામ ગતી થી વાહન લચાવી અકસ્માત કરે તો તેના વાલી પણ એટલા જ જવાબદાર ગણાય, અને વાલીની પણ ધરપકડ કરી વાહન જપ્ત કરવામાં આવે. ભારત સરકારે મોટર વાહન સુધારા અધિનિયમ, તા. ૨૬/૧૧/૨૦૨૦ થી મોટર વાહન અધિનિયમ કલમ-૧૭૭ થી ૧૯૯ મુજબ વિવિધ પ્રકારનાં ગુનાનું વિવરણ કરવામા આવેલ છે.જે ગુનાઓ કલમ-૨૦૦ મુજબ માંડવાળને પાત્ર હોય છે, એટલે કે મેમો ભરીને છોડી દેવામાં આવે છે. માંડવાળ ફી એ ગુજરાત સરકારે નક્કી કરેલ છે, તે મુજબ ભરવાની હોય છે. વધુ ગુનાઓ આચરતા લાઈસન્સ રદ કરી વાહન જપ્ત કરવાની પણ જોગવાઈ કરેલ છે. માલવાહક વાહનમાં પેસેન્જર ભરી હેર-ફેર કરવું એ ગુનો છે તેમ છતાં આવા વ્હીકલ દ્વારા અકસ્માત સર્જેવામાં આવે તો ડ્રાઈવર અને માલિક બંને જવાબદાર બને છે. જેમાં અકસ્માત વળતરની જવાબદારી વાહન માલિકની ઠરે છે.

નવા ટ્રાફીકનાં નિયમ મુજબ નવા દંડમાં રૂા.૧,૦૦૦/- થી લઈ રૂા. ૧૦,૦૦૦/- સુધીની જોગવાઈ કરવામાં આવેલ છે. તથા તેમાં ગુજરાત સરકાર દ્વારા ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે. જે ૧૦ સપ્ટે. ૨૦૧૯ થી તથા આર.ટી.ઓ. ટ્રાફીક નિયમોમાં નવીન ફેરફાર ૨૦૨૩ થી લાગુ કરવામાં આવેલ છે. ૨૦૨૨ તથા ૨૦૨૩ની અમલવારી સરકારે હાલ પુરતી સ્થગીત કરેલ હોય, ૨૦૧૯નાં નિયમો મુજબ હાલમાં દંડ વસૂલવામાં આવે છે. તા. ૨૯/૦૫/૨૦૨૩થી કેન્દ્ર સરકારે નવા માર્ગ સલામતીનાં નિય્મો સાથે દંડ અને ચલણ બમણું કરી દેવામાં આવ્યું છે, પરંતુ રાજય સરકારોએ તેનો અમલ શરૂ કરેલ નથી.

તાજેતરમાં તથ્ય પટેલનાં હિટ એન્ડ રન કેસમાં એફ.એસ.એલ. રીપોર્ટની મદદ લઈ સાયન્ટીફીક પુરાવા રજુ કરી ૧૦૦૦ પાના ઉપરની ચાર્જશીટ કોર્ટમાં મુકવામાં આવશે. જેમાં સાપરાધ મનુષ્યવધની કલમ મુજબ પણ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે.

વાહનએ પોતાની સુખાધિકાર માટે છે, મોજ મજાનાં સાધન માટે નહી. તેમજ કોઈ નિર્દોષ વ્યક્તિનાં જીવ લેવા માટે નથી. તેવું દરેક વ્યક્તિએ સમજી ટ્રાફિકનાં નિયમોનું પલાન કરી વાહન ચલાવવું જોઈએ. જેથી અકસ્માતનાં કેસો બને નહી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in